ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૨ ટકા

ગાંધીનગર તાપમાન

# રામકથા મેદાન પર સ્વાતંત્ર્ય દિન ઉજવાયો





ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર શહેરના રામકથા મેદાન ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારે રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. આ પ્રસંગે તેમણે મહામૂલી આઝાદી અપાવવામાં શહીદ થનાર નામીઅનામી વીર સૂપતોને યાદ કરીને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારે જણાવ્યું હતું કે, ભારતના હદયસમ્રાટ અને આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના વિકાસના જે પ્રેરણાદાયી પાયા નાખ્યા છે, તેની ઉપર આપણે સૌએ સાથે મળીને વિકાસની ભવ્ય ઈમારત ચણવાની છે. ગ્રામજનો, યુવાનો, મહિલાઓ, વંચિતો અને ખેડૂતો સૌ કોઈનો સમતોલ વિકાસ કરવા આપણા મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે સંવેદશીલતા સાથે ખૂબ જ ત્વરાથી જે પ્રજાલક્ષી નિર્ણયો લીધા છે, તે ખૂબ જ અસરકારક રહ્યા છે. ગુજરાતને જળસમૃદ્ધ બનાવવાના આશય સાથે આપણા મુખ્યમંત્રીશ્રીએ શરૂ કરાવેલું જળ સંચય અભિયાન દેશનું સૌથી મોટું જળ અભિયાન બન્યું છે.

આ પ્રસંગે ગાંધીનગરની વિવિધ શાળાના બાળકો દ્વારા દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ઘોડેસવાર પોલીસ જવાનોએ પણ પોતાની કરતબ રજૂ કરી ઉપસ્થિત સર્વને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રમાં છેલ્લા ૨૦ વર્ષથી અવરિતપણે ઉદઘોષક તરીકે સેવા આપનાર ડૉ. વર્ષાબેન પારેખ સહિત વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર ૧૬ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પ્રભાર સચિવ શ્રી સંજીવકુમારને જિલ્લા મહેસુલી પરિવાર તરફથી નાયબ મામલતદાર શ્રી વૃંદા મેવાડા દ્વારા પેઈન્ટીંગ કરીને તૈયાર કરવામાં આવેલી કૃષ્ણ ભગવાનની પ્રતિકૃતિ સ્મૃતિ ભેટ તરીકે અર્પણ કરવામાં આવી હતી.

આ રાષ્ટ્રીય પર્વમાં રાજયના વરિષ્ઠ અધિકારી અરવિંદ અગ્રવાલ, પૂનમચંદ પરમાર, એસ.જે.હૈદર, જયંતિ રવિ, સુનયના તોમર, નિવૃત્ત આઈ.એ.એસ. વી.એસ.ગઢવી, પ્રાંત અધિકારી, ગાંધીનગર ઋતુરાજ દેસાઈ, ગાંધીનગર મામલતદાર કે.આઈ.પટેલ સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શિવઆરાધના, પૂજા પાઠ રાત્રે ૯ કલાકે ભરતભાઈ આર. ઉપાધ્યાય પ્લોટ નં. સી-૫૫ ગ્રીનસીટી સે-૨૬ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯ લાકે બીપીનભાઈ જાની એ ૩૦૧ વૈદેહી ફલેટ વાવોલ ખાતે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-૭ના રોજ નાગરવેલના પાનના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે રક્ષાતંતુના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

## જુસિકાના નાણાંકીય વર્ષ ૧૭-૧૮ના હિસાબો જાહેર કરાયા

ગાંધીનગર, તા.૧૬
જુનિયર સિટિઝન કાઉન્સિલના નાણાંકીય વર્ષ ૨૦૧૭૦૧૮ના વાર્ષિક હિસાબો કાઉન્સિલની વેબસાઈટ **www.juniorcitizenscouncil.org** માં મુકવામાં આવેલ છે. નગરના સેવાભાવી નગરજનો, સહયોગી સંસ્થાઓ, હિસાબો અચુક જોઈ હિસાબો બાબતે સુચન કે વધુ જાણકારી જોઈતી હોય તો તા. ૨૨મી ઓગસ્ટ સુધી સાંજના પાંચ થી સાત સુધી કાઉન્સિના કાર્યાલયમાં સંપર્ક સાધવો. ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ સહયોગી સંસ્થાના કર્મચારીઓ સર્વનો સંસ્થાએ આભાર વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં પણ સહયોગ મળશે તેવી આશા રાખેલ છે.

# અંબોડ ગામે નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવાનો ડુબી ગયા

ગાંધીનગર, તા. ૧૬
ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલા અંબોડ ગામે સુપ્રસિદ્ધ મહાકાળી મંદિરે સ્વતંત્ર પર્વની રજાના દિવસે કલોલનો એક યુવાન દર્શન કરવા ગયો હતો. દર્શન કરીને નદીમાં ન્હાવા પડેલો આ યુવાન ગરકાવ થઈ જતા બુમાબુમ થઈ ગઈ હતી. નદીમાં ડૂબી રહેલા આ યુવાનને બચાવવા અન્ય બે યુવાનો પણ નદીમાં કુદયા હતા. ડૂબતા યુવાનને બચાવવા નદીમાં કુદેલા અન્ય બે યુવાનો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ત્રણેય યુવાનોના ડૂબી જવાથી મૃત્યુ નિપજયા હતા. આ ઘટનાની જાણ માણસા પોલીસને થતાં સ્થળ પર પહોંચી ગઈ હતી અને તરવૈયાઓની મદદથી મૃતદેહ બહાર નીકળી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મીની પાવાગઢ તરીકે ઓળખાતા અંબોડ ગામના મહાકાળી મંદિરે બુધવારે બપોરના અરસામાં અમદાવાદનો ૧૯ વર્ષીય યુવાન રાકેશ રમેશભાઈ વાઘેલા તથા ૧૭ વર્ષીય કિશોર પ્રદીપ કિશોરભાઈ મકવાણા સ્વતંત્ર પર્વની રજા હોવાથી દર્શન કરવા અંબોડ ગયા હતા. દર્શન બાદ મંદિર પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા માટે તે બંને નદી તરફ ગયા હતા. ત્યારે અચાનક તેમની નજર નદીમાં ડૂબી રહેલા એક યુવાન પર પડી હતી. ન્હાવા પડેલો કલોલનો યુવાન હિમાંશુ નટવરલાલ વર્મા નદીમાં ગરકાવ થઈ ગયો હતો ને ડૂબી રહ્યો હતો. અમદાવાદના રાકેશ અને પ્રદીપ બંને યુવાનો આ ડૂબી રહેલા હિમાંશુ ને બચાવવા નદી તરફ દોડ્યા હતા ને નદીમાં છલાંગ લગાવી દીધી હતી. નદીમાં ડૂબેલા હિમાંશુ ને બચાવવા ગયેલા આ બંને યુવાનો પણ ખાડામાં ફસાઈ ગયા હતા અને ત્રણે યુવાનોના નદીમાં ડૂબી જવાથી મૃત્યુ નિપજતા આ પંથકમાં સન્નાટો ફેલાઈ ગયો હતો. તરવૈયાઓની મદદથી માણસા પોલીસે ત્રણેય યુવાનોના મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અસરગ્રસ્ત ખેડૂતોએ વેદના સાથે સમાંતર ધ્વજવંદન યોજયો

ગાંધીનગર, તા.૧૬
રાજધાની અસરગ્રસ્ત કિસાનવિકાસ મંડળ દ્વારા ગાંધીનગર જિલ્લાના જમીન ગુમાવનાર અસરગ્રસ્ત ખેડૂતોને મળવા પાત્ર લાભો મળેલ નથી. પડતર પ્રશ્નોના ઉકેલ માટે ૧૪ ગામોના અસરગ્રસ્ત ખેડતૂઓએ તા. ૧૫મી ઓગસ્ટે સમાંતર ધ્વજવંદન પ્લોટ નં. ૧૯/એ, સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કર્યુ હતું.

ઈન્દ્રોડાના જુગાજી ઠાકોરે ધ્વજવંદન કરાવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં પડતર પ્રશ્નોની રજુઆત કરી હતી. આ સિવાય કોલવડા ગામના પાટીદાર સમાજના અગ્રણી, રાજપુત સમાજના અગ્રણી મનુભા વાઘેલા તેમજ અસરગ્રસ્તોના તમામ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સ્વતંત્રતા પર્વે ઈન્ફોસીટી કલબ આયોજિત ડ્રોઈંગ કોમ્પિટિશનમાં ગાંધીનગરની હિલવડ સ્કુલના ધો-૩ના વિદ્યાર્થી જ્વલ વાણિયાને દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. જ્વલ અલ્હાબાદ બેંક ગાંધીનગરના ઓફિસર અપેક્ષા પરમારના સુપુત્ર છે.

## અંધત્વ મુકત ભારત અભિયાનની આજે બેઠક

ગાંધીનગર, તા.૧૬
સક્ષમના ગાંધીનગર જિલ્લાના એકમ દ્વારા સાંજે ૪.૩૦ થી ૬ કલાક દરમિયાન ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્જ જીયો ઈન્ફર્મેટીક ખાતે કોર્નિયા અંધત્વ નિવારણ માટે અંધત્વ મુકત ભારત અભિયાનના અભિયાનને સફળ બનાવવા ગાંધીનગર ખાતેની સવૈચ્છિક સેવાભાવી સંસ્થાઓની મીટીંગ પ્રાંત ઉપાધ્યક્ષ ડૉ. મનુભાઈ પુરોહિત અને ઉપાધ્યક્ષ ગંગારામભાઈ પટેલ તેમજ નેશનલ કોન ફેડરેશન ઓફ પેરેન્ટ ઓર્ગેનાઈઝેશનના મંત્રી ભાનુભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ યોજાશે.

## વૈજનાથ મહાદેવમાં ૧૨મો રકતદાન કેમ્પ યોજાયો

૧૫મી ઓગસ્ટના પાવન પર્વ પર વૈજનાથ માલણેશ્વર મહાદેવ મંદિર સેકટર-૨૧ ખાતે ૧૨મો મહારકતદાન કેમ્પ ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી સિવિલ હોસ્પિટલ દ્વારા યોજાયો હતો. જેમાં ૧૦૯ રકતદાતાઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૧૦૧ બોટલ રકત લેવાયું હતું. મંદિરના ટ્રસ્ટી ભરતભાઈ પટેલના સુંદર આયોજનમાં રેડક્રોસ જિલ્લા શાખાના અશ્વિનભાઈ દવે, પરીખ દાદા, હીતેશ રાવલ અને જીલુભા ધાધલે ખુબ જ સહકાર પુરો પાડયો હતો. રકતદાન કરી રકતદાતાઓએ શહીદોને સાચી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# સેક્ટર-૨૪ માંથી બે એકટીવા ચોર ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની એક ટીમ વાહન ચોર પકડવા માટે સક્રિય થઈ છે ત્યારે પી.એસ.આઈ એમ.જે.શિન્દે તથા હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહ, ભવાનસિંહ, કોન્સ્ટેબલ ભૌમિકકુમાર, અનુપસિંહ તથા દિગ્વિજયસિંહ સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે સેક્ટર-૨૪ જૂની પોલીસ ચોકી નજીક ચોકડી પાસે એક ચોરીના એકટીવા સાથે બે શખ્સો ઊભા છે. આ બાતમીના આધારે સ્થળ પર જઈને આ ટીમે બંને શકમંદોને પકડી પાડ્યા હતા. મૂળ વડનગરનો અને હાલ વિસનગર રહેતો રણજીત ઉર્ફે બાબા અનાજી ઠાકોર તથા મૂળ વિસનગરનો અને હાલ સેક્ટર-૨૪ ભાગ્યલક્ષ્મી જ્વેલર્સ ની પાછળ મકાન નબર ૩૦૮માં રહેતો શૈલેષ વરવા ઠાકોર મળીને બન્ને શખ્સોને પકડી પાડયા હતા. તેમની પાસેથી મળી આવેલા એકટીવા અંગે પૂછપરછ કરતા આ એકટીવા રણજિતે વિસનગરથી ચોરી કરી વેચવા માટે આરોપી શૈલેષને આપ્યું હોવાની કબૂલાત પકડાયેલા આરોપીઓએ કરી છે. જેના આધારે ચોરીનું રૂપિયા ૨૫ હજારની કિંમતનું એકટીવા રિકવર કરી બંને આરોપીઓની ધરપકડ કરી ઊંડી પૂછપરછ શરૂ કરી છે. પકડાયેલા આરોપી રણજિતે વિસનગર ખાતેથી અન્ય એક પ્લેટીના બાઈક ની ચોરી કરી હોવાની પણ કબુલાત કરી છે.




# સે-૨૧ ઓમકાર પાન પાર્લર ખાતે સ્વાતંત્ર પર્વની દબદબાભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬
ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે આવેલા ઓમકાર પાન પાર્લરના માલિક ઓમકારસિંહ ઠાકુર દ્વારા ૭૨માં સ્વાતંત્ર પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૮.૩૦ કલાકે ઓમકારસિંહ ઠાકુરે ધ્વજ ફરકાવી સલામી આપી હતી. જેમાં મોટીસંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નગરજનોને ૪૫૦ કિલો જેટલી જલેબી ખવડાવવામાં આવી હતી, તો બીજી તરફ રકતદાન શિબિરમાં ૫૬ બોટક રકત એકત્ર થયું હતું. જે જરૂરીયાતમંદ દર્દીઓને પુરું પાડવામાં આવશે. જયારે મ્યુઝીકલ પાર્ટી દ્વારા દિવસભર સતત દેશભકિતના ગીતો ગવાતા સે-૨૧ ખાતે અનોખો દેશભકિતનો માહોલ સર્જાયો હતો. કાર્યક્રમના સ્થળે બરફની મોટી પાટોથી તિરંગોમાં રહેલા વિવિધ કલરની તૈયાર કરાઈ હતી.આ બરફની પાટો નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. જયારે ૫૦થી વધુ બુલેટ રાઈડર્સે તિરંગો હાથમાં લહેરાવતા આવ્યા હતા અને કાર્યક્રમને વિશેષ રૂપે દિપાવ્યો હતો. ઓમકારસિંહના ધ્વજવંદન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો વિશેષ ઉપસ્થિત હોય છે.



## આજે ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટમાં શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૬
સાધના પેરેન્ટસ એસોસીએશન સક્ષમ અને વિશેષ એજયુકેશન સેનટ્રના સંયુકત ઉપક્રમે માનસિક દિવ્યાંગ વ્યકિતઓના વાલીઓ, વિશિષ્ટ પ્રશિક્ષકો માટે તા. ૧૭મી ઓગસ્ટના રોજ સવારે નવ કલાકે ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોરસ્પેશ એપ્લીકેશનએન્ડ જીયો ઈન્ફર્મેટીક ખાતે તાલીમ શિબિર યોજવામાં આવેલ છે. વિષય નિષ્ણાત વૈદેહી જોખાકર (યુએસએ), કુ. દિપાલી ઉપાઝ્યા ડ. મનુભાઈ પુરોહિત માર્ગદર્શન આપશે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છીત વ્યકિતઓઓ ભાનુભાઈ ચોહાણને મો.નં. ૯૮૯૮૫ ૯૪૩૫૦ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# શહેરમાં ૫૫૧ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રા યોજાઈ

**પ્રથમવાર યોજાયલ શૌર્ય મહાયાત્રામાં શ્વેત વસ્ત્રોમાં સજજ યુવાનોએ ડિજેના તાલે દેશભકિતનો અનોખો જોશ જગાવ્યો : ઘ-માર્ગ પર ત્રિરંગા છવાયા : વિદેશી યુગલે ત્રિરંગા સાથે નૃત્ય કરી આકર્ષણ જમાવ્યું**





ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર ૫૫૧ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે યુવાનોએ ‘શૌર્ય મહાયાત્રા’ યોજી ૭૨મા સ્વાતંત્ર્ય દિવસની જોશભેર ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં યુવાનો સહિત વિદ્યાર્થીઓ અને નગરજનો પણ જોડાયા હતા અને ડિજેના તાલ સથે શહેરના મુખ્ય ઘ માર્ગ પર આ યાત્રાએ ભારે આકર્ષણ જગાવવા સાથે શહેરને દેશભકિતના રંગે રંગી દીધું હતું.

યુવાનોની સ્વૈચ્છિક સંસ્થાઓ રાધે રાધે ગૃપ તથા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા આયોજિત શૌર્ય મહાયાત્રામાં પહેલા સવારે ૭ કલાકે સે-૨૫ની જીઆઈડીસી સ્થિતિ શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતેથી ૫૫૧ મીટર લાંબો રાષ્ટ્રધ્વજ લવાયો હતો. આ યાત્રા ઘ-૫ સર્કલે આવી પછી તેમાં ખુલ્લી જીપ્સી કારમાં ભારતમાતા બનેલ દિકરી સહીત જુદી જુદી ભારતીય સંસ્કૃતિની વેશભૂષા સાથે સજજ યુવાનોનું ગૃપ અને ડિજે જોડાયું હતું અને શૌર્ય મહાયાત્રાનો વિધિવત પ્રારંભ થયો હતો. શ્વેત વસ્ત્રોમાં સજજ યુવાનોએ ઘ-૫ થી પથિકાશ્રમ સર્કલ સુધીનો માર્ગ દેશભકિતના ગીતો પર નૃત્યો સાથે ‘ભારતમાતાકી જય’ અને ‘વંદે માતરમ્’ જેવા સુત્રો પોકારી ગજવી મુકયો હતો. આ શૌર્ય મહાયાત્રામાં હેપ્પી યુથ કલબ સહિત અન્ય કેટલીક સ્વૈચ્છિક સંસ્થાના સ્વયંસેવકો પણ સ્વયંભૂ રીતે જોડાયા હતા. શૌર્ય મહાયાત્રામાં શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ ૫૫૧ મીટર લાંબા અને ૧૦ ફુટ પહોળા રાષ્ટ્રધ્વજને સન્માનપૂર્વક પકડીને ચાલવામાં ગજબની શિસ્ત દાખવી હતી. આ સાથે મહાયાત્રામાં એક વિદેશી યુગલે પણ ત્રિરંગા સાથે માર્ગો પર યુવાનો સાથે નૃત્ય કરી ભારે આકર્ષણ જમાવ્યું હતું. શૌર્ય મહાયાત્રાને કારણે સમગ્ર ઘ માર્ગ પર ત્રિરંગા છવાઈ ગયા હતા અને રાષ્ટ્રભકિતનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

## વિદ્યાર્થીઓનું રોકડ પુરસ્કારથી સન્માન કરાયું

શૌર્ય મહાયાત્રામાં જોડાનાર વિદ્યાર્થીઓ તથા યુવાનો માટે ગાંધીનગર જિલ્લાની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વલ્ફેર કમિટીના પ્રમુખ વસીમ કાદરી તથા ઉપપ્રમુખ દિપક વ્યાસ દ્વારા પીવાના ઠંડા મિનરલ પાણીની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી તેમજ મહાયાત્રાના સમાપને શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓનું તેમણે આપેલી સેવા બદલ રૂ. ૨૧૦૦નો રોકડ પુરસ્કાર આપી સન્માન કરાયું હતું.

## અવસાન નોંધ

શહેરના ઘ-૨ અપના બજારની બાજુમાં ઉભા રહેતા બોમ્બે વડાપાંવવાળા અનિલ કામ્બલે, પ્રભાકર કામ્બલે, દશરથ કામ્બલે અને ચંદ્રપ્રકાશ કામ્બલેના પિતાશ્રી સ્વ. બાલકૃષ્ણ હરીભાઈ કામ્બલેનું તા. ૧૫ ઓગસ્ટને બુધવારના રોજ દુઃખદ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૧૭ ઓગસ્ટને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન સે-૧૩-એ, પ્લોટ નં. ૫૨૨/૧, સ્વામી વિવેકાનંદ સ્કુલની સામે રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. સબુરભાઈ તેજાભાઈ તલાટી, ઉ.વ. ૫૮
- સ્વ. ચૂનારા નારણભાઈ મંગાભાઈ, ઉ.વ. ૭૨
- સ્વ. પ્રજાપતિ ગોવિંદભાઈ સોમાભાઈ, ઉ.વ. ૬૮
- સ્વ. યાદવ અવિનાશ રામશરણ, ઉ.વ. ૨૨